# સાથ સાથ

## (માઈનોરિટી ડેવલપમેન્ટ ટ્રસ્ટ)

"પ્રાચ્ય વિદ્યા ભવન" ૪૫, જૈન સોસાયટી, એલીસબ્રીજ, નવચેતન સ્કૂલની સામે,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦૦૦૯.

**જૈન સમુદાયને ધાર્મિક લઘુમતિ (માઈનોરીટી સ્ટેટસ) મળવાથી નીચે મુજબના લાભો મળવા પાત્ર થયા છે.**

૧. જૈન વિદ્યાર્થીઓને ધો.૧ થી ઉચ્ચ અભ્યાસ કરવા સુધી રૂા. ૧૦૦૦ થી રૂા. ૨૫૦૦૦ સુધીની સ્કોલરશીપ મળી શકે છે.

૨. જૈન વિદ્યાર્થીઓને પરદેશ ભણવા જવા માટે રૂપિયા દસ લાખથી રૂપિયા પચાસ લાખ સુધીની ઓછા વ્યાજની લોન મળી શકે છે.

૩. જૈન સ્કૂલ - કોલેજ છાત્રાલય અથવા શિક્ષણ સંસ્થા ખોલવા માટે સરકાર તરફથી વ્યાજબી કે ટોકન ભાવે જગ્યા મળી શકશે તથા અન્ય સગવડો પણ મળી શકશે.

૪. શિક્ષણ માટે જો જૈન સંસ્થાઓ ખોલવામાં આવશે તો તેમાં જૈન ધર્મ વિશે ભણાવી શકાશે તથા તે સંસ્થાઓને વિદ્યાર્થીઓ માટે ૫૦% રીઝર્વેશન પણ રાખી શકાશે.

૫. જૈન સંસ્થાઓ દેરાસરો, તીર્થક્ષેત્રો વિ.માં સરકારી હસ્તક્ષેપ ઓછો રહેશે તથા તેના વિકાસ અને સુરક્ષા માટે સરકાર સહાય કરશે.

૬. વિશ્વ વિદ્યાલયો (IIM-IIT) જેવી સંસ્થાઓ માં જૈન વિદ્યાર્થીઓને ફીમાં રાહત અથવા સંપૂર્ણ માફી (રૂા. ૨૫૦૦૦ થી રૂા. ૨,૫૦,૦૦૦ સુધી) મળી શકશે.

૭. જૈન સમુદાય દ્વારા સંચાલિત વિહારધામ-દેરાસર તીર્થક્ષેત્રની જગ્યાઓ અન્ય ભાડુઆતના કબજામાંથી ખાલી કરાવી શકાશે.

ઉપરોક્ત દરેક લાભ સરકારશ્રીના નિયમ અનુસાર મળવા પાત્ર છે. આપણું ઉપરોક્ત ટ્રસ્ટ જૈન સમાજને વધુમાં વધુ લાભ મળી શકે તે માટે પ્રયત્નશીલ રહેશે જેમાં દરેક સંઘનો સહકાર જરૂરી છે.

**ધાર્મિક લઘુમતીનો લાભ લેવા માટે જરૂરી દસ્તાવેજ**

ધાર્મિક લઘુમતીનો લાભ લેવા માટે નીચે મુજબના દસ્તાવેજો કઢાવી રાખવા વિનંતી છે જેથી જરૂર પડે પુરાવા આપની પાસે હાજર હોય.

૧. આધાર કાર્ડ : લગભગ દરેક લાભ માટે જરૂરી છે. જો આધાર કાર્ડ ન હોય તે કઢાવી લેવું.

૨. રેશન કાર્ડ : પણ નહોય તો કઢાવી લેવું.

૩. જૈન તરીકેનું પ્રમાણ પત્ર :

જો આપણા તથા આપણા બાળકોના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં જૈન શબ્દ લખેલો હોય તો કેટલીક જગ્યાએ પુરાવા તરીકે જૈન સર્ટીફીકેટની જરૂર નથી. પરંતુ કેટલીક અન્ય જગ્યાએ જરૂર પડી શકે છે તેથી જૈનનું પ્રમાણપત્ર કઢાવી રાખવું હિતાવહ છે.

**જૈન પ્રમાણપત્ર માટે નીચે મુજબની પ્રોસીજર કરવી પડશે.**

- જે તે સંઘમાંથી જૈન તરીકેનો દાખલો કઢાવવો.

૧ આખા પરિવારનો (એક રસોડે જમતા) તમામ વ્યકિતનો દાખલો એક સાથે એક જ લેટરમાં કઢાવી શકાય.(નમુનો અમોએ સંઘને આપેલ છે.)

# સાથ સાથ

## (માઈનોરિટી ડેવલપમેન્ટ ટ્રસ્ટ)

૨ સરકારમાંથી મળતું ધાર્મિક લઘુમતિનું પ્રમાણપત્ર મેળવવા માટેનું ફોર્મ ભરવું જે દરેક સંઘમાંથી મળી શકશે.

૩ રહેઠાણના પુરાવા અરજી સાથે બીડવા.
જેમાં લાઈટબીલ, ટેલીફોન બીલ, મ્યુ. ટેક્ષ બીલ, ઈલેકશન કાર્ડ, રેશન કાર્ડ, આધાર કાર્ડ કોઈપણ એકની ઝેરોક્ષ કોપી ચાલી શકે.

૪ તાજેતરના પાસપોર્ટ સાઈઝના બે ફોટા

ઉપરોક્ત દસ્તાવેજો તૈયાર કર્યા બાદ સક્ષમ અધિકારી જેવા કે મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, જીલ્લા નાયબ નિયામક, જીલ્લા સમાજ અધિકારીમાંથી કોઈપણ અધિકારીની ઓફિસમાં અરજી આપવાથી ત્યાંથી જૈનનું પ્રમાણપત્ર મળી શકશે.

**નોંધ : પત્ની/પુત્રીના ફોર્મમાં તેમના પિતાનું નામ તથા અટક લખવાની રહેશે. જૈન હશે તો જ પ્રમાણપત્ર મળશે.**

### માઈનોરીટીમાં શિષ્યવૃત્તિ મેળવવા માટેની વિગત

દરેક વિદ્યાર્થીને બે રીતે શિષ્યવૃત્તિ મળી શકે છે. : (૧) ગુજરાત સરકાર તરફથી (૨) ભારત સરકાર તરફથી. વિદ્યાર્થી કોઈપણ એક જગ્યાએથી શિષ્યવૃત્તિનો લાભ લઈ શકે છે. બન્ને જગ્યાએથી લાભ મળશે નહીં.

**શિષ્યવૃત્તિની વિગત નીચે મુજબ છે.**

### ભારત સરકારની યોજના

| યોજનાનું નામ | શિષ્યવૃત્તિની રકમ | | વાર્ષિક આવક મર્યાદા |
|---|---|---|---|
| ૧. પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ ધોરણ ૧ થી ૧૦ | પ્રવેશ ફી | રૂા. ૫૦૦/- | ૧,૦૦,૦૦૦/- |
| | શિક્ષણ ફી | રૂા. ૩૫૦૦/- | |
| નિભાવ ભથ્થું | રૂા. ૧૦૦૦/- થી | રૂા. ૬,૦૦૦/- | |
| ૨. પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ ધોરણ ૧૧ થી કોલેજ સુધી | શિક્ષણ ફી | રૂા. ૩,૦૦૦/- થી રૂા. ૧૦,૦૦૦/- સુધી | ૨,૦૦,૦૦૦/- |
| નિભાવ ભથ્થુ | રૂા. ૨૩૦૦/- થી | રૂા. ૧૨,૦૦૦/- સુધી | |
| ૩. મેરીટ-કમ-મિન્સ શિષ્યવૃત્તિ મેડીકલ, એન્જીનીયરીંગ, જેવા બધા જ અભ્યાસક્રમો | શિક્ષણ ફી | રૂા. ૨૦,૦૦૦/- સુધી | ૨,૫૦,૦૦૦/- |
| | ડેસ્કોલર | રૂા. ૫,૦૦૦/- | |
| હોસ્ટેલર નિભાવ / ભથ્થુ | | રૂા. ૧૦,૦૦૦/- | |

# સાથ સાથ

## (માઈનોરિટી ડેવલપમેન્ટ ટ્રસ્ટ)

### ગુજરાત સરકારની યોજનાઓ

| ક્રમ | યોજનાનું નામ | જાતિ | હાલ શિષ્યવૃત્તિ/સહાયની રકમ (વાર્ષિક) | | વાર્ષિક આવક મર્યાદા. | |
|---|---|---|---|---|---|---|
| | | | કુમાર | કન્યા | ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. | શહેરી વિસ્તાર માટે રૂા. |
| ૧ | પ્રિ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ | લઘુમતી | ધો ૧ થી ૮ રૂા. ૫૦૦/- ધો. ૯ થી ૧૦ રૂા. ૭૫૦/- | ધો. ૧ થી ૫ રૂા. ૫૦૦/- ધો. ૬ થી ૧૦ રૂા. ૭૫૦/- | આવક મર્યાદા નથી. | |
| ૨ | ઉચ્ચતર માધ્યમિક ધો. ૧૧ અને ધો. ૧૨ ના અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ | લઘુમતી | ધો. ૧૧ ૩૦૦/- | ધો. ૧૨ ૬૦૦/- | ૪૭,૦૦૦/- | ૬૮,૦૦૦/- |
| ૩ | સ્વામિ વિવેકાનંદ યોજના તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમો માટે શિષ્યવૃતિ | લઘુમતી | ૪૦૦/- માસિક | | ૪૭,૦૦૦/- | ૬૮૦૦૦/- |
| ૪ | ધો. ૧ થી ૮માં અભ્યાસ કરતા બાળકોને બે જોડ ગણવેશ સહાય | લઘુમતી | ૩૦૦/- વાર્ષિક | | આવક મર્યાદા નથી. | |
| ૫ | લઘુમતી મહિલા સીવણ વર્ગની યોજના | લઘુમતી | ૨૫૦/- માસિક સ્ટાઈપેન્ડ રૂ. ૬૦૦૦/- શિષ્યવૃત્તિ. | | ૪૭,૦૦૦/- | ૬૮,૦૦૦/- |
| ૬ | ગ્રાન્ટ-ઈન એઈડ છાત્રાલય | લઘુમતી | રૂ. ૧૫૦૦/- સુધી માસિક નિભાવ ભથ્થુ | | ૪૭,૦૦૦/- | ૬૮,૦૦૦/- |
| ૭ | માનવગરીમા યોજના | લઘુમતી | રૂ. ૩૦૦૦/- થી રૂ. ૬૦૦૦ /- સુધીની માનવગરીમા કીટસ | | ૪૭,૦૦૦/- | ૬૮,૦૦૦/- |
| ૮ | બેંકેબલ યોજના | લઘુમતી | બેંકની લોન ધિરાણ સામે રૂ. ૩૦૦૦/- સુધી સહાય. | | ૪૭,૦૦૦/- | ૬૮,૦૦૦/- |

### શિષ્યવૃત્તિ મેળવવા માટે ધ્યાનમાં રાખવાનાં મુદ્દા

૧. આ વર્ષથી ધો.૧થી તમામ વિદ્યાર્થીઓની અરજી **Online** કરવાની છે.

૨. શિષ્યવૃત્તિ મેળવવા માંગતા વિદ્યાર્થીઓએ **National Scholarship portal** વેબસાઈટમાં અરજી કરવાની રહેશે.

૩. જે વિદ્યાર્થીઓએ અગાઉ અરજી કરેલ હોય તેમને **Online Renewal** ના ફોર્મ ભરવા. નવા તમામ વિદ્યાર્થીઓએ **Online Fresh** નાં ફોર્મ ભરવા જો અગાઉ ફોર્મ ભરેલ હશે અને **Fresh** માં અરજી કરશે તો ફોર્મ રીજેક્ટ થશે.

૪. અરજી સાથે નીચેની વિગતો **Upload** કરવાની છે.

(A) ગત પરીક્ષાના વાર્ષિક પરિણામની ઝેરોક્ષ. ૫૦% થી વધુ ગુણ ધરાવતા વિદ્યાર્થીઓ જ અરજી કરી શકશે.

(B) વિદ્યાર્થીના બેંક ખાતાની વિગતો. વિદ્યાર્થીના નામનું ખાતું જરૂરી છે. જેથી ભુલ થવાની શકયતા ન રહે.

(C) આધાર કાર્ડની વિગતો

# સાથ સાથ

## (માઈનોરિટી ડેવલપમેન્ટ ટ્રસ્ટ)

(D) પિતા / વાલીનું ડેકલેરેશન જેમાં ધર્મ તથા આવક દર્શાવીને સહી કરીને અપલોડ કરવું. (નમૂનો સિસ્ટમમાંથી મળી રહેશે.)

(E) વાલી / પિતા / વિદ્યાર્થીનો મોબાઈલ નંબર

(F) રહેઠાણનું સરનામું

(G) શાળામાં / સંસ્થામાં ભરેલ ફી ની પહોંચની ઝેરોક્ષ અપલોડ કરવી.

(H) જે શાળા / સંસ્થામાં અભ્યાસ કરતાં હોય તે શાળા / સંસ્થાનું નામ Online સિસ્ટમમાં દેખાતું ન હોય તેવા કિસ્સાઓમાં જે તે શાળા / સંસ્થાનો સંપર્ક કરવો. એક નામની શાળા / સંસ્થાઓની વધુ શાખાઓ હોય તો પુરી ચકાસણી કર્યા બાદ પોતાની શાખામાં જ અરજી કરી શકાશે.

(I) અરજી સ્વચ્છ અક્ષરે, ભુલ વગરની કરવી. નાની સરખી ભુલ પણ ફોર્મ રીજેક્ટ કરવાનું કારણ બની શકે છે.

(J) અરજી કર્યાની છેલ્લી તારીખ પછી શિષ્યવૃત્તિ છ થી આઠ મહિનામાં જે તે વિદ્યાર્થીના ખાતામાં ડાયરેક્ટ જમા થાય છે. જેથી કોઈપણ વ્યક્તિને પુછપરછ કરવી નહિ અથવા તે માટે કોઈ પ્રલોભન આપવું નહી.

અરજી કરવાની તારીખ તથા છેલ્લી તારીખ વિગેરે વિગતોનો સરકાર ધ્વારા છાપામાં સમયે સમયે જાહેરાત આપવામાં આવે છે. તે જોઈ લેવી.

ગુજરાત સરકાર દ્વારા મળતા લાભ ફક્ત ગુજરાત રાજ્યના મૂળવતનીઓ માટે જ છે જેના માટે ૧-૪-૧૯૭૮ પહેલાંથી ગુજરાતમાં કાયમી નિવાસ કરતાં હોય તેઓને જ જાતિ પ્રમાણપત્ર તથા ઉપરોક્ત લાભો મળી શકશે.

**ખાસ નોંધ લેશો જૈન સમુદાયને મળેલ લઘુમતિ ધાર્મિક લઘુમતી છે જેથી નોકરીમાં કે ઉચ્ચ શિક્ષણમાં એડમીશન માટેની અનામતના કોઈજ લાભ મળવા પાત્ર નથી.**

### શૈક્ષણિક તથા વ્યવસાયિક લોન

જૈન સમુદાયને લઘુમતિ તરીકે માન્યતા મળ્યા બાદ શૈક્ષણિક તથા વ્યવસાયિક લોન સરકારશ્રી ના નિયમો અનુસાર ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ. ધ્વારા મળે છે. જેમાં વાર્ષિક વ્યાજ ૩% થી ૮% જ લાગુ પડશે. શૈક્ષણિક લોનમાં અભ્યાસક્રમ પૂરો થયે ૬૦ હપ્તામાં લોનની રકમ વ્યાજ સહિત ભરવાની રહેશે. જેની વિગત નીચે મુજબ છે.

- શૈક્ષણિક લોન રૂા. ૩,૦૦,૦૦૦/- અંકે રૂા. ત્રણ લાખની મર્યાદામાં વધુમાં વધુ પાંચ વર્ષના કોર્ષ માટે રૂા. ૧૫,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પંદર લાખ સુધીની મળવા પાત્ર છે.
- વિદેશમાં ઉચ્ચ શૈક્ષણિક ટેકનીકલ અભ્યાસક્રમમાં અભ્યાસ કરવા માંગતા પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને વાર્ષિક રૂા. ૪,૦૦,૦૦૦ ની મર્યાદામાં વધુમાં વધુ પાંચ વર્ષના અભ્યાસક્રમ માટે રૂ. ૨૦,૦૦,૦૦૦ સુધીની લોન મળવા પાત્ર છે.

### મુદતી ધિરાણની યોજના

આ યોજના હેઠળ નીચે જણાવેલ વિવિધ ક્ષેત્રના વ્યવસાયો માટે રૂ. ૧૦,૦૦૦ થી રૂ. ૩૦,૦૦,૦૦૦ સુધીનું ધીરાણ મેળવી શકાય છે. આ ધીરાણ વાર્ષિક ૬% થી ૮% ના વ્યાજના દરે આપવામાં આવે છે. લાભાર્થીને મળેલ ધીરાણ વ્યાજ સહિત પાંચ વર્ષમાં ૬૦ એકસરખાં હપ્તાઓમાં નિગમને પરત ચૂકવવાનું હોય છે.

(૧) ટેકનીકલ પ્રકારના સ્વ રોજગારના વ્યવસાયો જેવા કે લોન્ડ્રી, ઓટોરીપેરીંગ, બ્યુટીપાર્લર વિગેરે

(૨) હસ્તકલાના વ્યવસાયો

(૩) ટ્રાન્સપોર્ટ સેક્ટર (ભાડે ફેરવવા કે અન્ય વાહનો લેવા, રીક્ષા ખરીદવા વિ.)

વિકલાંગ વ્યક્તિઓ માટે પણ અલગ અલગ યોજનાઓનો લાભ મળે છે.

ઉપરોક્ત તમામ વિગતો હાલમાં અમોને મળેલ માહિતીને આધારે આપવામાં આવેલ છે.

સમયે સમયે નિયમો તથા રકમોમાં ફેરફારો થતા રહે છે. તેથી દરેક અરજદારને વિનંતી કે અરજી સમયે જે તે નિયમોનો અભ્યાસ કરી અરજી કરવી. **કોઈ ટેકનીકલ કારણસર મળવા પાત્ર લાભ ન મળી શકે તો સંસ્થા તે માટે જવાબદાર રહેશે નહી. સંસ્થાનો હેતુ સાધર્મિક ભક્તિનો હોવાથી લાભાર્થી પાસેથી કોઈપણ જાતનો ચાર્જ લેવામાં આવતો નથી.**

**સંકલન : અજય દોશી**